# I B PATEL ENGLISH SCHOOL (PRIMARY SECTION)

**CLASS – 5**

**SUBJECT – GUJARATI**

## CHAPTER – 1

## વાંદરાને વાંચતાં ન આવડે

આ પાઠ ની શરૂઆતમાં એક ગીત આપેલું છે. તેમા આટલા પ્રાણીઓ/પક્ષીઓ અને માણસોના ઘરની વાત કરવામાં આવી છે.



ઉંદર



માણસ



ચામાચીડિયું



દર



ઘર



ઝાડની ડાળી




ચકલી



તેતર



સમડી



માળો



જાળો



ઊંચું ઝાડ



ગાય અને બકરા



વંદો



સિંહ



વાડો



તિરાડ



ગુફા

આ પાઠમાં એક ખટખટ વાંદરાભાઈની વાત કરવા માં આવી છે.

માણસોને ઠંડી,ગરમી અને  વરસાદની ઋતુથી બચવા ઘરની જરૂર પડે છે તેવી રીતે  પ્રાણીઓને પણ ઘર ની જરૂર પડે છે.

પણ ખટખટ વાંદરો પોતાનું ઘર બનાવતો નથી.



ખટખટ વાંદરો







ઠંડીથી બચવા માટે થોડા માણસો ભેગા થઈ લાકડાં
સળગાવીને બેઠા હતા.

વાંદરાભાઈ એ પણ આ વિચાર અપનાવ્યો.  આગનો લાલ રંગ
જોઈ તાપણું કરવા લાલ મરચાં ભેગા કર્યા.

લાલ મરચાંથી કઈ તાપણું થતું હશે!





સમજદાર સુઘરીબાઈએ ઋતુઓમાં થતી મુશ્કેલીઓ થી બચવા સુંદર મજાનો માળો  બનાવ્યો હતો.

ચટપટ સુઘરીબાઈને વાંદરાની ઘણી ચિંતા હતી.

તેણે વાંદરાને સમજાવવાના ઘણા  પ્રયત્નો કર્યા.

પણ ખટખટ વાંદરાએ ઘર ન બનાવ્યું તે ન જ બનાવ્યું.



## પાઠમાં હૂપ હૂપાહૂપ  હૂપ.. નામનું બાળગીત આપવામાં આવ્યું છે.તો ચાલો બાળમિત્રો ગીત ગાઇએ.

ડાળે ડાળે કૂદીએ છીએ,
ઝાડે ઝાડે ફરીએ છીએ,
ઠંડીથી ક્યાં ડરીએ છીએ!
હૂપ હૂપાહૂપ હૂપ...
હૂપ હૂપાહૂપ હૂપ... (૨)

ઝાડને છાંયે રહીએ છીએ,
પૂંછડેથી પવન નાખીએ છીએ,
ગરમીથી ક્યાં ડરીએ છીએ!
હૂપ હૂપાહૂપ હૂપ...
હૂપ હૂપાહૂપ હૂપ... (૨)

પૂંછમિનારમાં રહીએ છીએ,
પાણીમાં પલળીએ છીએ,
વરસાદથી ક્યાં ડરીએ છીએ!
હૂપ હૂપાહૂપ હૂપ...
હૂપ હૂપાહૂપ હૂપ... (૨)